C/763

## વિધુતીકરણના કામ માટે ઈજારદારશ્રીઓને અગત્યની સુચનાઓ

(૧) સિવિલ કામ કરતા સાથે કરવાના થતા વિધુતીકરણનાં કામ સરકારશ્રી દ્વારા નિયત લાયસન્સ ધરાવતા ઇલેકટ્રીશીયન અથવા વાયરમેન દ્વારા કરાવવાના રહેશે. સિવિલ કામ સાથે જેટલી રકમનું વીજળીકરણનું કામ હશે તે કિંમતના પ્રમાણમાં માર્ગ અને મકાન (વિધુત) વિભાગ પ્રમાણે જે તે કેટેગરીમાં નોંધાયેલ વિધુત ઈજારદાર પાસે કામ કરાવવાનું રહેશે.

(૨) કામના ઇન્ચાર્જ ઇજનેર દ્વારા વિધુતીકરણના કામ કરતા ઇલેકટ્રીશીયન અને વાયરમેનનું જયારે સરકારશ્રી દ્વારા ઇશયુ કરેલ લાયસન્સની માંગણી કરવામાં આવે ત્યારે અસલમાં ચકાસણી અર્થે રજુ કરવાનું રહેશે.

(૩) જે ઇજારદાર કામ આપવામાં આવે ત્યારે ઇજારદારશ્રીએ સિવિલ કામ સાથે વિધુતીકરણનું કામ સરકારશ્રી દ્વારા આપેલ નોંધણી ધરાવતા વિધુતની કામગીરી માટેના ઇજારદારની નોંધણીનું પ્રમાણીત લાયસન્સ ધરાવતા ઇલેકટ્રીશીયન અને વાયરમેનનુ નામ તેની વિગતો વર્ક ઓર્ડર આપતા પહેલા આ કચેરીને રજુ કરવાની રહેશે જેથી વિધુતીકરણના કામની કામગીરી દરમ્યાન ક્ષતિયુકત કામગીરીથી કોઇ જીવલેણ અકસ્માતનો પ્રસંગ ઉપસ્થિત થાય તો આ કચેરી દ્વારા નિયમ અનુસાર કાયદાકીય પગલા લેવાની સરળતા રહે.

(૪) વિધુતીકરણના કામોમાં વપરાશમાં લેવાના થતા માલસામાન, સાધનો, ઇકવીપમેન્ટસ સરકારશ્રીના વિધુત વિભાગ દ્વારા મંજુર કરેલ પ્રમાણીત કેટેગરીના જ રહેશે. જો તેની નિયત ગુણવત્તા માટે સરકારશ્રીની માન્ય સંસ્થા જેવી કે 'એરડા' વડોદરામાં ટેસ્ટીંગ કરાવવાનો પ્રશ્ન થશે તો તે અંગેના ટેસ્ટીંગનો ખર્ચ ઇજારદારશ્રીએ ચુકવવાનો રહેશે.

(૫) વિધુતીકરણ કામમાં વપરાશમાં લીધેલ માલસામાન અને ઇકવીપમેન્ટસ નિયત માપદંડ વગરના તેમજ તાંત્રીક ગુણવત્તા ન ધરાવતા ધ્યાને આવતાં તુર્તજ સુચના અનુસાર બદલાવવાના રહેશે. અને તેનું નિયત ચુકવણુ ત્યારબાદ જ કચેરી દ્વારા ઇજારદારશ્રીને બીલમાં કરવામા આવશે.

(૬) વિધુતીકરણના કરેલ કામના જે તે ટેસ્ટીંગ રીપોર્ટ નિયમનુસાર જે તે વિધુત સપ્લાય કંપની પાસેથી મેળવી આપવાની કામગીરી અને તે અંગે ચુકવવી પડતી રકમ ઇજારદારશ્રીએ ચુકવવાની રહેશે. અને તે અંગે આ કચેરી તરફથી આવી કોઇ પ્રકારની અલગ ફી ની ચુકવણી કરવામાં આવશે નહી.

(૭) નવા વિધુત જોડાણ માટે ~~જી.ઇ.બી અથવા એ.ઇ.સી~~ યુ.જી.વી.સી.એલ જે તે પાવર સપ્લાય કરતી સંસ્થા (પ.ગુ.વી.સી.એલ / ઉ.ગુ.વી.સી.એલ / દ.ગુ.વી.સી.એલ / મ.ગુ.વી.સી.એલ / ટોરેન્ટ કે અન્ય કોઈ પણ) ને ચુકવવાની થતી નિયમનુસારની રકમ પ્રથમ ઇજારદારશ્રીને ચુકવવાની રહેશે. અને ત્યારબાદ ચુકવેલ રકમના બીલ અને વાઉચર આ કચેરીમાં રજુ કરતાં તે રકમ ઇજારદારશ્રીને પરત કરવામાં આવશે.

ઠેકેદારશ્રીની સહી - સિક્કો

...(Ele.)

અ.ઈ. (વિદ્યુત)

Superintendent Engineer
PIU Electrical
Gandhinagar